# ડિગ્રીધારી શિક્ષકો થોડા પ્રમાણમાં લોકશિક્ષક બને તો !

શિક્ષણનો હેતુ અક્ષરજ્ઞાન આપવાનો નથી. અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી, માત્ર અક્ષરનું જ્ઞાન છે. શિક્ષણનો હેતુ વ્યક્તિને વિકસિત કરીને જીવન જીવવામાં સરળતા ઊભી કરી આપવાનો છે. વ્યક્તિત્ત્વના વિવિધ પાસાંઓનો વિકાસ કરીને વ્યકિતનો સર્વાંગી વિકાસ કરવાનો છે. જેમાં જ્ઞાનપ્રાપ્તિ, આર્થિક ઉત્પાદન, શારીરિક વિકાસ, આધ્યાત્મિક વિકાસ, ચારિત્ર્ય ઘડતર, ભાવાત્મક એકતા, સંસ્કૃતિનું સંરક્ષણ- સંવર્ધન જેવા અનેક હેતુઓનો સમાવેશ થાય છે. વ્યકિતને સંકુચિતતા અને સ્વાર્થપણામાંથી બહાર કાઢી સામાજિક પણ બનાવવાનો છે. વ્યક્તિમાં જે પ્રક્રિયા દ્વારા આ કામ થાય છે તે પ્રક્રિયાને આપણે શિક્ષણ કે કેળવણી કહીએ છીએ અને શિક્ષણ કે કેળવણી આપવાનું કામ કરનારને આપણે શિક્ષક કહીએ છીએ. પછી તે શિક્ષક ડિગ્રીધારી હોય કે ભેખધારી હોય. શિક્ષક ઓળખાય ડિગ્રીથી પણ બનાય છે કર્મથી. આમ શિક્ષક તરીકે ઓળખાવું તેના કરતાં શિક્ષક બનવું વધારે મહત્ત્વનું છે. આવા ડિગ્રી વગરના પણ કર્મથી બનેલા શિક્ષકોને લોકશિક્ષક કહી શકાય. જે ડિગ્રીધારી શિક્ષક કરતાં શિક્ષણનું વધારે કામ કરે છે. તેવા કેટલાક લોક શિક્ષકોને યાદ કરીને સલામ મારીએ.

માણસ સમજતો અને વિચારતો થયો ત્યારથી માંડીને આજના સમય સુધી આવાં અનેક લોકશિક્ષકોને કારણે વ્યક્તિને જીવન જીવવાની અને વિકાસ સાધવાની પ્રેરણા મળી છે. આવા લોકશિક્ષકોના શૈક્ષણિક સાધનો અને પદ્ધતિ જુદાં જુદાં હતાં, પણ કામ હતું લોક જાગૃતિ દ્વારા વ્યક્તિ અને સમાજનો વિકાસ કરવાનું. કેટલાક લોકશિક્ષકોને આપણે સંત, સમાજ સુધારક, ભક્ત કે સાહિત્યકાર તરીકે ઓળખીએ છીએ. હકીકતમાં તેઓ માટે બિરુદ મહત્ત્વનું નથી, તેમના કર્મ મહત્ત્વના છે. દયાનંદ સરસ્વતી, ગાંધીજી, વિનોબા, રાજા રામમોહનરાય જેવા અનેક સમાજ સુધારકોએ વ્યક્તિને સુધારીને સમાજમાં પડેલી અનેક બદીઓ દૂર કરી. તો વળી ભક્તના ઉપનામથી ઓળખાતા અનેક લોકશિક્ષકોએ પણ વ્યક્તિને જાગૃત કરીને સમાજ સુધારવામાં સહેજ પણ કસર રાખી નથી. જેમકે, નરસિંહ મહેતા, મીરાં, જલારામ બાપા, ગંગાસતી વગેરે. આ બધાંએ લોકોને માત્ર ભક્તિ તરફ જ નથી વાળ્યાં પણ સાહિત્યનું સર્જન કરીને લોકોમાં આત્મવિશ્વાસ પેદા કરીને આધ્યાત્મિક અને સામાજિક પણ બનાવ્યા છે. તેઓની મહેનત તો વિચારો ! સાહિત્યનું સર્જન કરવું, પ્રચાર પ્રસાર પણ જાતે જ કરવો. આ લોકશિક્ષકો જ્યારે કામ કરતા હતાં ત્યારે આજના જેવી સુવિધાઓ નહતી. છતાં પણ તેમણે એટલું તો ઊંડાણભર્યું કામ કરેલ છે કે જેમના સાહિત્યનો ઉપયોગ આજની આધુનિક પેઢી પણ કરી રહી છે. તો વળી માત્ર સાહિત્યનું સર્જન કરીને લોકોમાં જાગૃતિ લાવનાર એવા અનેક લોકશિક્ષકોને આપણે માત્ર સાહિત્યકાર તરીકે જ ઓળખીએ છીએ. જેમકે, પ્રેમાનંદ, અખો, નર્મદ, ઝવેરચંદ મેઘાણી, દુલા ભાયા કાગ વગેરે. જેમણે જે તે સમયે લોકો અને સમાજની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વ્યક્તિ અને સમાજમાં પરિવર્તન લાવવા લોકોની ભાષામાં સાહિત્યનું સર્જન કર્યું છે.

આજે પણ એવા ઘણાં લોકશિક્ષકો છે કે જેમના કારણે અનેક લોકોને જીવન જીવવાનો રાહ મળ્યો છે, શક્તિ મળી છે, પ્રેરણા મળી છે. જેમકે પ્રમુખ સ્વામી, મોરારી બાપુ, રમેશ ઓઝા વગેરે. જેમના નામ મારા અને તમારા જેવા જ છે, ફર્ક એટલો છે કે તેમના કામ આપણાં કરતાં અનેક ગણા જુદા અને વધુ છે. આ લોકશિક્ષકોએ સાહિત્યનું સર્જન કર્યું નથી પણ અન્ય સાહિત્યને અપનાવીને લોકો સમક્ષ લોકભોગ્ય ભાષામાં મૂકીને લોકોને પ્રેરણાનો સ્રોત પૂરો પાડયો છે. એક ઉદાહરણ સૌ માટે પ્રેરણારૂપ બનશે. સામાન્ય લાગતા ઓછું ભણેલા શ્રી ભિખુદાન ગઢવી પણ સમાજોપયોગી કાર્ય કરીને લોકશિક્ષક બન્યા છે. તેઓ ઝવેરચંદ મેઘાણી અને દુલા ભાયા કાગના સાહિત્યને આધાર બનાવીને લોકોમાં જીવંતતા પાથરવાનું કામ

કરે છે, તો કુટુંબના તમામ સભ્યો સાથે બેસીને હાસ્યરસનો ઘૂટડો પી શકે તેવી રીતે સમાજમાં વ્યાપ્ત બદીઓ પર અખાની જેમ ચાબખા મારીને લોકોને વિચારતા કરી મૂકે છે. દરેક ગુજરાતીને પોતાની સંસ્કૃતિ માટે માન ઉપજે અને સંસ્કૃતિનું સંરક્ષણ તેમજ સંવર્ધન કરે તે માટે લોકભોગ્ય ભાષામાં લોકોને પ્રેરણા પૂરી પાડે છે. લોકશિક્ષકો સમાજમાં રહીને લોકશિક્ષણનું કામ કરે છે.

લોકશિક્ષકોને કારણે સમાજ ઉજળો છે, નહીં કે ડિગ્રીધારી શિક્ષકને કારણે. ડીગ્રીધારી એટલે કે કર્મકાંડી શિક્ષકના વર્ગો ધીમે ધીમે ખાલી પડતાં જાય છે, જ્યારે લોકશિક્ષકોના વર્ગો ભર ઉનાળામાં પણ છલકાતા જાય છે. જ્યાં રાત્રીના બાર કે બે વાગ્યા સુધી પણ વર્ગો ચાલે છે અને લોકો હોંશેહોંશે તે વર્ગો ભરવા જાય છે. જેમાં મા-બાપ-દીકરો-દીકરી સાથે પાઠ શીખે છે. કર્મકાંડી શિક્ષક બનવા કોલેજમાં જઇ તાલીમ લેવી પડે છે, પછી તેમને ડિગ્રી મળે છે. ત્યારબાદ પણ તે શિક્ષક તરીકે સફળ થશે જ તેની કોઇ ગેરંટી નથી હોતી. જ્યારે લોકશિક્ષક તો જાતે બન્યા હોય છે, તેઓ માટે ડિગ્રી કે ભણતરનું ઝાઝું મહત્ત્વ હોતું નથી. ભલે તેઓ અભણ હોય તો પણ ભણેલાને શીખવે છે. કર્મકાંડી શિક્ષકને તો વર્ગખંડમાં ૫૦-૬૦ વિદ્યાર્થીને ભણાવતા પરસેવો પડી જાય છે, થાકી જાય છે. જ્યારે લોકશિક્ષકો ના વર્ગખંડ ધરતી પર અને ખુલ્લા આકાશની નીચે ચાલતા હોય છે, જેમાં વિદ્યાર્થી સંખ્યા હજારો હોય છે. તેમનો પિરીયડ બે-ચાર કલાકથી નાનો નથી હોતો. છતાં તમામ શ્રોતા-વિદ્યાર્થીઓ પકડાઇ રહે છે ! લોકશિક્ષક પોતાની વાત આગવી શૈલીમાં કરે છે. તે ગાઇ શકે છે, વગાડી શકે છે, અભિનય કરી શકે છે. આ કૌશલ્યને કારણે તે વધારે સફળ થાય છે. જ્યારે ડીગ્રીધારી શિક્ષકમાં આવા બધાં કૌશલ્ય ન પણ હોય. લોકશિક્ષકો પોતાના કર્મને ધર્મ ગણે છે. જ્યારે ડિગ્રીધારી શિક્ષક પોતાના કર્મને માત્ર નોકરી તરીકે જ જૂએ છે. માટે જ સમાજમાં ડિગ્રીધારી-કર્મકાંડી શિક્ષક કરતાં લોકશિક્ષકનું માન વધારે છે. કર્મકાંડી શિક્ષકોને સરકાર એવોર્ડ આપે છે, આ માટે શિક્ષકે અરજી કરવી પડે છે, ક્યારેક કોઇ શિક્ષક ટૂંકા રસ્તા પણ અપનાવે છે. જ્યારે લોકશિક્ષકોને સરકારે સામા પગલે એવોર્ડ આપવા પડે છે. સમાજ દ્વારા તેઓ વારંવાર સન્માનિત થાય છે. માટે તો ધોરણ પાંચ સુધી ભણેલા દુલા ભાયા કાગને પદમશ્રીનો ખિતાબ સરકારે આપેલ છે, તો શ્રી ભિખુદાન ગઢવી જેવા ઓછું ભણેલા લોકશિક્ષકને ગુજરાત સરકાર તરફથી ગૌરવ પુરસ્કાર, પૂ. રવિશંકર મહારાજ એવોર્ડ અને દિલ્હી સંગીત, નાટક અકાદમીનો એવોર્ડ મળે છે. આવા એવોર્ડ મેળવનારની સી.ડી. બજારમાં ફરે છે, લોકો હોંશે હોંશે ખરીદે છે. ડીગ્રીધારી કર્મકાંડી શિક્ષકની સી.ડી. બજારમાં વેચાતી જોઇ નથી. ડિગ્રીધારી કર્મકાંડી શિક્ષકો થોડા પ્રમાણમાં પણ લોકશિક્ષક બનીને સામાજિક ચેતના ફેલાવે તો ! ડિગ્રીધારી શિક્ષકો પૂ. મોરારી બાપુ અને શાહબુદ્દીન ભાઇએ બની બતાવ્યું છે.

**પિપૂડી :**

જે વ્યક્તિ ભૂલ કર્યા પછી એ ભૂલ સુધારતી નથી એ સૌથી મોટી ભૂલ કરે છે. પોતાની ભૂલમાંથી શીખે તે ડાહ્યો, બીજાની ભૂલમાંથી પણ શીખે તે વધુ ડાહ્યો કહેવાય. આપણી જિંદગી એટલી બધી લાંબી નથી કે આપણે માત્ર આપણી જ ભૂલોમાંથી શીખી શકીએ.